ગાંધીનગર સમાચાર

**ઈન્કમટેક્ષના દરોડામાં દારૂ પકડાયો**

# હજુ શહેરમાં ફુટપાથ પર ધરાશાયી વૃક્ષો યથાવત





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં તોફાની વરસાદના બે સપ્તાહ બાદ પણ શહેરમાંથી ધરાશાયી થયેલા વૃક્ષોનો નિકાલ કરવામાં આવ્યો નથી. સેકટરોમાં નમી પડેલા વૃક્ષો રહીશો માટે જોખમી બન્યા છે. જયારે કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ માથે પણ વૃક્ષો હજુ આડશ બનેલા યથાવત રહેતા માર્નિંગ વોકર્સમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. વૃક્ષો દુર કરવાની કામગીરીમાં વન વિભાગની મંદ કામગીરીથી આમ નાગરિકોમાં ઘોર નારાજગી વ્યાપી છે.

ગત મહિના દરમિયાન વરસાદી વાયરામાં જમીન દોસ્ત બનેલા સેંકડો વૃક્ષો છેલ્લા બે સપ્તાહથી સ્થાનિક નગરજનો માટે અડચણરૂપ બન્યા છે. સેકટરોમાં હજુ પણ નજર નાંખો ત્યાં વૃક્ષો તુટેલી હાલતમાં જોવા મળે છે. સેકટરોમાં પણ ઠેર ઠેર વૃક્ષોના થડીયા તેમજ સુકાયેલા પાંદડાઓનો કચરો ગંદકી ફેલાવી રહયો છે. જયારે ઘણાં ઠેકાણે જોખમી રૂપે અસ્તિત્વ

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં કંગાળ ભાસતા દાયકાઓ જુના સાઈન બોર્ડ કટાયેલી હાલતમાં

## સેકટરોનો ચિતાર દર્શાવતા સાઈન બોર્ડ બિનઉપયોગી છતા નિકાલ કરાતો નથી

ગાંધીનગર તા ૮

શહેરમાં સાઈન બોર્ડ લગાવવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતાં સાઈન બોર્ડ લોકઉપયોગી બનવામાં અનેક પરિબળો અવરોધરૂપ બની રહયા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે શહેરના બ્યુટીફીકેશન પાછળ તોતિંગ ખર્ચ કરાયા બાદ પણ સેકટરોમાં દાયકાઓ જુના સાઈન બોર્ડ કટાયેલી હાલતમાં હજુ પણ યથાવત જોવા મળે છે.કંગાળ ભાસતા આ સાઈનબોર્ડ સેકટરોના પ્રવેશદ્વારે જ જોવા મળે છે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં આવતા મુલાકાતીઓને રાહ ચિંધવા દાયકાઓ પૂર્વે મુકાયેલા સાઈન બોર્ડ છેલ્લા ઘણાં સમયથી બિનઉપયોગી ભાસી રહયા છે. શહેરના મોટા ભાગના સેકટરોમાં પ્રવેશતા જ આ કંગાળ સાઈન બોર્ડ કટાયેલી હાલતમાં જોવા મળી રહયા છે. સેકટરોના નકશા સહીતની વિગતો દર્શાવતા આ બોર્ડ ઘણાં જુના થઈ ગયા હોવાથી મુલાકાતીઓને કોઈ રીતે ઉપયોગી થતા નથી. શહેરમાં પ વર્ષ અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા સેકટરોમાં નવા માહીતીદર્શક બોર્ડ લગાવવામાં આવ્યા હતા. પરંતુ જુના બોર્ડની બાજુમાં જ નવા બોર્ડ મુકી દેવાયા બાદ કંગાળ અને બિનઉપયોગી બોર્ડને દુર કરવામાં ન આવતા સેકટરવાસીઓ માટે નડતરરૂપ બનેલા બોર્ડ કંગાળ હોવાથી બ્યુટીફીકેશનને પણ ઠેસ પહોંચાડતા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. અગાઉ તંત્ર દ્વારા આ પ્રકારના બોર્ડ દુર કરી દેવા પણ નિર્ણય લેવાયો હતો. પરંતુ ઉતારેલા સાઈન બોર્ડનો નિકાલ કરવાનો પ્રશ્ન ઉદભવતા મામલો પડતો મુકાયો હતો. શહેરમાં રસ્તા અને સર્કલોના નવા નામાભિધાન નવા સાઈન બોર્ડ મુકવા પાછળ લાખોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જો કે આ બોર્ડના આડે વૃક્ષોની ડાળીઓ આડશ બનતા કોઈ હેતુ સરતો નથી. જયારે સેકટરોમાં પણ બિહામણાં ભાસતા સાઈન બોર્ડ પર કાંઈ દેખાતુ નથી. સાઈન બોર્ડ પાછળ કરાયેલો ખર્ચ પર પાણીઢાળ થયુ છે.

# માત્ર આઠ માસના સમયમાં પોલીસ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી હોવાનો દાવો

ગાંધીનગર, તા. ૮

રાજ્યભરમાં વિવિધ સહકારી ખાલી જગ્યાઓ ભરવા સ્પર્ધાત્મક પરીક્ષાઓનું સરકારના વિવિધ ભરતી બોર્ડ મારફતે આયોજન કરવામાં આવે છે. તમામ ભરતીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને છબરડા સામે આવે છે. જયારે કેટલીક ભરતીઓને સંપૂર્ણ રદ કરવામાં આવી રહી છે. ત્યારે લોકરક્ષક ભરતી બોર્ડે પોલીસની સમગ્ર ભરતી પ્રક્રિયા ખૂબજ તટસ્થ અને ન્યાયપૂર્ણ રીતે માત્ર ૮ માસના ટુંકા રેકોર્ડ સમયમાં પૂર્ણ કરવાનો દાવો કર્યો છે. બોર્ડે આ પ્રકારના દાવા કરવા પડે એ જ એક અજીબ બાબત છે.

લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ગુજરાત રાજયમાં લોકરક્ષકની ભરતી અંગે કુલ ૪૭૯૧ પુરૂષ અને ૨૩૫૯ મહિલા મળી કુલ ૭૧૫૦ પોલીસ કોન્સ્ટેબલ (લોકરક્ષક)ની ભરતી અન્વયે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉમેદવારોની શારીરિક કસોટી બાદ ઉત્તિર્ણ થનાર ગુજરાતના શહેરોમાં લેખિત પરીક્ષા લેવામાં આવી હતી.

તાજેતરમાં ૨૭મી જુલાઈના રોજ આખરી પરિણામ યાદી પોલીસ ભરતી બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવી હતી. પોલીસ ભરતી બોર્ડ આ ભરતીમાં સફળતા મેળવી છે તેવા ગૌરવ લઈ રહી છે. ત્યારે પોલીસ ભરતી માટે થયેલ વારંવાર પી.આઈ.એલ., આન્સરકીમાં છબરડા, માર્કસ મુકવામાં થયેલ છબરડાં, વગેરે બાબતે અજાણ દેખાઈ રહી છે. ભરતી બોર્ડ હાલ સમગ્ર પોલીસ ભરતી પ્રક્રિયા ખુબજ તટસ્થ, સચોટ તથા ન્યાયપૂર્ણ રીતે ૮ માસના રેકોર્ડ સમયમાં પૂર્ણ કરવામાં સફળ રહી છે. તે વાતનો ગૌરવ લઈ પોતાની પીઠ થાબડી રહી છે ત્યારે કહેતા ભી દિવાના સુનતા ભી દિવાના જેવો ઘાટ ઘડાયો હોય તેવું દેખાઈ રહ્યું છે.

# અમદાવાદ ખાતે યોજાનાર પાટીદાર મહારેલી માટે તડામાર તૈયારીઓ

અમદાવાદ,તા. ૮

પાટીદાર આંદોલન આગામી દિવસો વધુ તીવ્ર બને તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદમાં યોજાનાર રેલીને લઈને તમામ તૈયારીઓ કરવામાં આવી રહી હોવાના અહેવાલ મળી રહ્યા છે. ૨૫મીએ અમદાવાદમાં લાખો પટેલ ભેગા થઈને શક્તિપ્રદર્શન કરવા માટે તૈયારી કરી રહ્યા છે. પાટીદારોને ઓબીસીમાં સમાવવાની માંગ કરાઈ રહી છે.

પાટીદારોને અનામત અપાવવા આંદોલન ચલાવી રહેલા હાર્દિક પટેલે આજે જણાવ્યું હતું કે, પટેલોને અનામત મુદ્દે સરકાર સાથે અમે વાટાઘાટો કરવા તૈયાર છીએ. અમને લેખિતમાં આમંત્રણ આપશે, તો અમે ચોક્કસથી મંત્રણા કરીશું. અમારો કોઈની સાથે વ્યક્તિગત વિરોધ નથી. અમારુ આંદોલન ચાલુ છે અને ચાલુ રહેશે. અમારી માંગણી પાટીદારોને ૨૭ ટકા ઓબીસીમાં સમાવવાની છે અને આ મામલે જ અમે સરકાર સાથે ચર્ચા કરીશું.

અમને વિશ્વાસ છે કે, સરકાર ૨૫મી પહેલા અમારી સાથે વાટાઘાટો કરશે તેમ છતાં ૨૫મીએ અમદાવાદમાં લાખો પાટીદારોનું શક્તિપ્રદર્શન યોજાશે. એના માટે અમે પોલીસ પાસે મંજુરી માંગી છે. પાટીદારો સાથે અમે વિશ્વાસાસઘાત નહીં થવા દઈએ.

# ઈન્કમટેક્ષના દરોડામાં દારૂ પકડાયો

**કલોલમાં રાંચરડા સ્થિત એક ફાર્મમાં આઈ.ટી.નો દરોડો હતો અને ગોડાઉન તપાસ્યુ તો અંદરથી ૭૮૮ બોટલ દારૂ-બિયરનો મસમોટો જથ્થો નિકળ્યો : રૂ. ૧.૦૭ લાખના દારૂ સાથે પહેરેદારની ધરપકડ**

ગાંધીનગર, તા. ૮

કલોલ પાસેના રાંચરડા ખાતે સ્થિત એક ફાર્મમાં ઈન્કમટેક્ષની રેડ પડી હતી. આ રેડ દરમ્યાન ભોયરામાં બનાવેલુ ગોડાઉન તપાસ કરતાં અંદરથી દારૂ-બિયરનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. ઈન્કમટેક્ષે પોલીસને જાણ કરતાં સાંતેજ પોલીસ દોડતી થઈ ગઈ હતી અને દરોડો પાડીને દારૂ-બિયરની ૭૮૮ બોટલ પકડી રૂ. ૧.૦૭ લાખના મુદ્દામાલ સાથે ફાર્મના પહેરેદારની ધરપકડ કરી લેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ કલોલ નજીકના રાંચરડા વિસ્તારમાં સ્થિત એક ફાર્મમાં ત્રણેક દિવસ પહેલા ઈન્કમટેક્ષની ટીમે દરોડો પાડ્યો

● અનુસંધાન પાન-૭ પર






ઔદિચ્ય સહસ્ત્ર બેસણું
મારા ધર્મપત્નિ
અ.સૌ.સરોજબેન ગુણવંતલાલ શુક્લ (રાંધેજા-કોલવડા)
તા. ૬-૮-૧૫, ગુરૂવારે દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનુ બેસણું તા.૯-૮-૨૦૧૫, રવિવારે
સવારે ૮ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ: A-2, સ્વેની એપાર્ટમેન્ટ, ગણેશ મંદિર સામે, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ.
જીતુભાઈ શુક્લ લિ. ગુણવંતલાલ ચુનીલાલ શુક્લ
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
લિ. સ્વ. ધનવંતરાય મગનલાલ ત્રિવેદી (બાલવા)

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

લીકેજ-મુક્ત ઘરો માટે
ADITYA BIRLA GROUP
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૦૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જોઈએ છે
• LED TV • LCD TV
• Colour TV જુના બંધ હાલતમાં
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
મો. : ૯૪૨૬૯૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com